# ૧૯. જૈન અને બૌદ્ધ વિચારધારાઓની આલોચના

(ઑક્ટોબર મહિનામાં દિલ્લીમાં મળેલા અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનની સુવર્ણજયંતીની ઉજવણીના પ્રસંગે પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ જૈન અને બૌદ્ધ પરિષદના અધ્યક્ષ તરીકે આપેલા ભાષણનો સારભૂત અનુવાદ).

વિજ્ઞાનના પ્રકાશમાન સૂર્યનો દિનપ્રતિદિન ઝળહળતો પ્રકાશ ફેલાતાં અંધશ્રદ્ધાનાં અંધારાં ઓસરી ચૂક્યાં છે. કદાગ્રહ, દુરાગ્રહ, સંકુચિતતા, પરસ્પર માત્સર્ય અને અર્થશૂન્ય ધાર્મિક કલહ એ બધું તથા ચમત્કારો ઉપર લહેરાતો ધર્મનો ઝંડો હવે વધારે વખત ટકવાનો સંભવ નથી. પોતાનાં દર્શન, કે વિચારના અનુભવની સાથે બીજાનાં દર્શન, વિચાર કે અનુભવની પરસ્પર તુલના કરવાનો તથા સમભાવની દૃષ્ટિને મુખ્ય રાખીને વિચારવાનો સમય પાકી ગયો છે. સામસામા છેડાવાળી રાજકારણી વિવાદગ્રસ્ત પ્રવૃત્તિઓમાં સહઅસ્તિત્વનો સિદ્ધાંત સ્વીકારી શકાય છે, તો સર્વને શાંતિદાયક એવા દાર્શનિક વિચારોના ક્ષેત્રમાં તો સહઅસ્તિત્વ સહજભાવે આવી શકે છે; એમ થવામાં કોઈ જાતના વિરોધને અવકાશ કેમ હોઈ શકે ? પ્રસ્તુત જૈનદર્શન અને બૌદ્ધદર્શનના અનુસંધાનમાં જગત્, કર્મ, આત્મા, નિર્વાણ, પ્રમાણ વગેરે પ્રમેયોની ચર્ચાને મેં જાણી જોઈને ગૌણ સ્થાન આપેલ છે. આ બન્ને દર્શનોનાં જે જે મુખ્ય તાત્ત્વિક વિચારો છે તેનો સમન્વયની દૃષ્ટિએ વિચાર કરવો એ મારો પ્રધાન ઉદ્દેશ છે.

આપણા રાષ્ટ્રપિતાએ પણ સમગ્ર વિશ્વના હિતને લક્ષ્યમાં રાખી અને તેમાંય ધર્મતત્ત્વ વિશે વિવિધ વિચારસરણી ધરાવતી ભારતીય જનતાને વિશેષતઃ પોતાની સામે રાખી સૌના કલ્યાણની દૃષ્ટિએ જે અગિયાર વ્રતોની યોજના કરેલી તેમાં સમન્વયમૂલક વિચારસરણીને વિશેષ પ્રતિષ્ઠા આપેલ છે. આમ તો અહિંસાના મહાવ્રતમાં જ સમન્વયવિચાર સમાઈ જાય છે. છતાં અજ્ઞાન, સંકુચિતતા અને “મમ સત્યમ્”નો આગ્રહ હોવાથી આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમન્વયના વિચારને વિસરી ગયેલા અને ધર્મને નામે જ કલહમાં સપડાઈ ગયેલા. તેથી આપણને જાગ્રત કરવા સારું જ પૂ. ગાંધીજીએ સર્વધર્મ-સમભાવવ્રતની યોજના કરી જીવનચર્યામાં વણી લેવાનો સંદેશો આપેલ છે.

એમણે તો આશ્રમની બન્ને સમયની પ્રાર્થનામાં અને બીજી પણ પ્રવૃત્તિઓ કરતી વખતે એ વ્રતની ચર્યાને પોતાની કરણીમાં વણી બતાવેલ છે; રામ, હરિ, હર, અહુરમઝ્દ, ગૉડ, જિન, બુદ્ધ તથા ખુદા એ બધાનું સ્મરણ યથોચિત રીતે ચાલતું કરેલ છે અને આશ્રમવાસીઓ તથા ભારતીય સમગ્ર જનતાને સર્વધર્મસમભાવની ભાવનાને અનુરૂપ વર્તવાની હાકલ કરેલ છે. એમણે તો ત્યાં સુધી કહેલ છે કે માનવમાત્રના સુખની, શાંતિની, સમાધાનની ચાવી સર્વધર્મ-સમભાવવ્રતને આચરવામાં જ છે.

માણસને જે ધર્મ, આચાર, કર્મકાંડ કે અનુષ્ઠાન વારસામાં મળેલ છે, તથા જે તત્ત્વવિચાર ગળથૂથીમાં સાંપડેલ છે તેને બરાબર સમજી લઈ વિવેક રાખી પૂર્ણ વફાદારી સાથે આચરવામાં આવે અને પોતાથી અન્ય માણસને જે ધર્મ, આચાર, કર્મકાંડ, અનુષ્ઠાન કે તત્ત્વવિચાર વારસામાં મળેલ છે તે તરફ આદર સાથે સહિષ્ણુતાપૂર્વક વર્તવામાં આવે તથા એકબીજાના ધર્મ કે કર્મકાંડ વા તત્ત્વવિચારની તુલના કરીને સમજવા માટે પ્રયાસ કરવામાં આવે, તો વિવેકી વિચારશીલ મનુષ્યને પરસ્પર વિરુદ્ધ કહેવાતા એકબીજાનાં ધર્મ, દર્શન, કર્મકાંડ વગેરેમાં કેટલી બધી સમાનતા છે એની ચોક્ખી ખબર પડે તથા એ બન્ને વચ્ચે કેવળ નિરૂપણશૈલીની ભિન્નતા છે વા ક્યાંય ક્યાંય તો કેવળ શાબ્દિક જ ભેદ છે એ પણ આપોઆપ જણાઈ આવે. વળી, એકબીજાનાં ધર્મ, દર્શન કે કર્મકાંડ વગેરેમાં અમુક અંશ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે તે પણ સમજાય તથા એકબીજાનાં દર્શન વગેરેની ખૂબીઓ પણ ખ્યાલમાં આવે.

મારો પોતાનો અંગત અભિપ્રાય જણાવું તો ભારતીય વા ભારતીયેતર કોઈ પણ ધર્મ, મત, દર્શન માર્ગોના પ્રચારનો હેતુ જનતાનું નિઃશ્રેયસ સાધવાનો છે. કોઈ પણ સાધન કે પ્રક્રિયા દ્વારા રાગદ્વેષો ક્ષીણ થાય, સમભાવ પેદા થાય અને પ્રત્યક્ષ જીવનમાં શાંતિ, સમાધાન, સંતોષ અનુભવાય એવો ઉદ્દેશ તમામ ધર્મમતોનો છે અને એ ઉદ્દેશ સિદ્ધ કરવા અંગે સમદર્શી જૈન વિચારની આ ઘોષણા છે—

જુઓ, સમદર્શી જૈન આચાર્યશ્રી હરિભદ્રસૂરિ કહે છે કે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सेयंवरो वा आसंवरो वा बुद्धो वा तह य अन्नो वा ।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥"

ભલે મનુષ્ય જૈનમાર્ગનો અનુયાયી હોય—શ્વેતાંબરી હોય કે દિગંબરી હોય—અથવા બૌદ્ધમાર્ગનો કે બીજા પણ કોઈ ધર્મમાર્ગનો અનુયાયી હોય, પણ જ્યારે ભિન્નભિન્ન ધર્મમાર્ગનો અનુયાયી સમભાવી બને અર્થાત્ વીતરાગ, સમદર્શી બની તદનુસાર આચરણ-પરાયણ થાય ત્યારે જરૂર તે નિર્વાણ, નિઃશ્રેયસ, મુક્તિ કે સિદ્ધિને મેળવી શકે છે તેમાં લેશમાત્ર સંદેહ નથી. આચાર્યશ્રી હરિભદ્રથી પછી થયેલા અને ગુજરાતના સાહિત્ય-સમ્રાટરૂપે પ્રસિદ્ધિ પામેલા આચાર્ય હેમચંદ્રે જૈન ધર્મનો પ્રધાન સિદ્ધાંત અહિંસા તથા એ જ અહિંસાનો પોષક જૈનપરંપરાનો સ્યાદ્વાદ સિદ્ધાંત—એ બન્નેને કેન્દ્રમાં રાખીને એવી ઉદ્‌ઘોષણા કરી છે કે :

"भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥"

પ્રપંચરૂપ સંસારના અંકુરના મૂલ બીજરૂપ રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે દૂષણો જેમનાં ક્ષીણ થઈ ગયેલ છે, એટલે જેઓ વીતરાગ સમદર્શી છે તેમને સૌને નમસ્કાર—પછી તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, હર હોય કે જિન એટલે જિન અથવા બુદ્ધ હોય. તાત્પર્ય એ કે વીતરાગ, સમભાવી એવો કોઈ પણ પુરુષ જૈન દૃષ્ટિએ વંદનીય જ છે.

ભગવાન મહાવીરે અનેકાંતવાદ અથવા સાપેક્ષ અનાગ્રહવાદને પોતાના પ્રવચનોમાં સ્થાપિત કરેલ છે, તેમ ભગવાન બુદ્ધે પણ એ જ હકીકતને શબ્દાન્તરથી પોતાના પ્રવચનમાં વિશદ રીતે સમજાવેલ છે, જેને મધ્યમમાર્ગ વા 'વિભજ્યવાદ' નામ આપેલ છે.

આજથી આશરે બે હજાર વર્ષ પૂર્વે ભારતમાં સમ્રાટ્‌ને સિંહાસને આવેલા પ્રિયદર્શી રાજા અશોકે પોતાના શાસ્તા ભગવાન બુદ્ધના મધ્યમમાર્ગને લક્ષ્યમાં રાખીને ઉદ્‌ઘોષણા કરેલ છે કે શ્રમણ-સંપ્રદાય અને બ્રાહ્મણસંપ્રદાય એ બન્ને નિર્વાણવાદી સંપ્રદાયો પરસ્પર હળીમળીને રહે, કોઈ કોઈની નિંદા ગર્હા ન કરે અને પ્રશંસા પણ એવી રીતે ન કરે જેથી એક-બીજા સંપ્રદાયો દુભાય. આ વાત, રાજા અશોકે જ્યાં જ્યાં ભારતમાં પોતાની ધર્મલિપિઓ—ધર્માનુશાસન કોતરાવેલ છે, ત્યાં ત્યાં, તે દરેક ધર્માનુશાસનમાં અવશ્ય કોતરાવેલ છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે જૈન દર્શનના મૂળ આધારરૂપ ભગવાન મહાવીર અને બૌદ્ધ દર્શનના મૂળ આધારરૂપ ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધ એ બન્નેની દૃષ્ટિમાં સમન્વયવૃત્તિને અથવા સર્વધર્મ સમભાવને વિશેષ પ્રતિષ્ઠા મળેલ છે.

મારો જ ધર્મવિચાર યા દર્શન અથવા અનુભવ ખરો છે અને તારો-સામાનો-વિચાર-ધર્મવિચાર, દર્શન અથવા અનુભવ ખોટો જ છે—આ જાતની વિચારધારાનું નામ કદાગ્રહ અથવા દુરાગ્રહ છે. પૂ. શ્રી વિનોબાજીએ 'ભૂમિપુત્ર'માં પોતાનાં એક લેખમાં જણાવેલ છે કે વૈદિક સાહિત્યમાં યુદ્ધના ભાવનો સૂચક 'મમ સત્યમ્' શબ્દ વપરાયેલ છે. 'મમ સત્યમ્' એટલે મારું જ સાચું અર્થાત્ તારું (સામાનું) ખોટું જ. 'મમ સત્યમ્' શબ્દ કદાગ્રહનો સૂચક છે, એકપક્ષી છે અને સામાના વિચારને અથવા અનુભવને સમજવાની ના પાડવાનો ભાવ એમાં દેખાય છે. અને આમ છે માટે એ શબ્દ કલહવર્ધક યુદ્ધના પર્યાયરૂપ બનેલ છે. અમુક દૃષ્ટિએ વિચારીએ તો મારું પણ સાચું છે અને અમુક દૃષ્ટિએ વિચાર કરીએ તો તારું પણ સાચું છે—આ જાતની વિચારધારા કદાગ્રહ વગરની છે અને સમભાવ તરફનું વલણ બતાવનારી છે. જે વિચારધારા બન્ને જાતના જુદી જુદી દૃષ્ટિએ યોજાયેલા વિચારને અન્યાય ન કરે અને યથોચિત પ્રામાણ્ય આપે તે વિચારધારા કલહનું કારણ બનતી નથી.

"नानारुचिर्हि लोक:"—લોક જુદી જુદી રુચિવાળો છે. એટલે ભલે ને રુચિઓ જુદી જુદી હોય, પણ એ રુચિ ધરાવનાર અનેક લોકોનો ઉદ્દેશ એક હોય છે, અને એ એક જ ઉદ્દેશને પાર પાડનારી પ્રક્રિયાઓ રુચિભેદે જુદી જુદી હોઈ શકે છે. એટલે ભિન્ન ભિન્ન વિચારોને સાંભળીને ભડકવાનું નથી, પણ ધીરજ ધરી એ ભિન્ન ભિન્ન વિચારોનું મૂળ શોધી કાઢી તે દરેકને ન્યાય આપવાનો છે. આ અંગે દાખલો આમ આપી શકાય. નીચે જમીન ઉપર લોકો ચાલી રહ્યાં છે અને એ લોકો પોતપોતાની ઊંચાઈનું માપ જાણે છે, તથા વહેતી નદીઓનો પટ તથા ઘરોની ઊંચાઈ, પહોળાઈ કે લંબાઈનાં માપો પણ ભૂતળ ઉપર ચાલતા લોકોના ધ્યાનમાં હોય છે. પણ જ્યારે વિમાન ભૂતળ ઉપરથી ઘણે ઊંચે ઊડતું હોય, ત્યારે તેમાં બેઠેલા બધા લોકો નીચે નજર કરે તો તેમને એમ લાગશે કે નીચે તો નાના નાના વામનોની હાર ચાલી જાય છે, નદીઓ પાતળી ધોળી દોરી જેવી લાગે છે અને ઘર તો તદ્દન નાનાં ધોલકાં જેવાં જણાય છે. હવે આ બે દર્શનોમાં જોવા જઈએ તો બન્નેય સાચાં છે. આમાં ભૂતળ ઉપર ચાલનારનું દર્શન જ સાચું છે અથવા તો વિમાનમાં બેસીને ઊડનારનું જ દર્શન સાચું છે એમ કદી પણ નહીં કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય, અને કોઈ પણ વિચારક એમ કહેશે પણ નહિ. બીજું ઉદાહરણ એક જ પુરુષ કે સ્ત્રી પિતા છે, માતા છે, પુત્ર છે, પુત્રી છે, બનેવી છે, સાળો છે, મામો છે, મામી છે, ફુવો છે, ફઈ છે, સસરો છે, સાસુ છે—આવો વ્યવહાર સૌ કોઈને અનુભવસિદ્ધ છે. એટલે આમાં બોલનારનો દષ્ટિકોણ બરાબર સમજી લેવામાં આવે તો કોઈ પણ જાતનો વ્યવહાર જરા પણ ખોટો નહીં ઠરે. મહાવીરે કહ્યું છે કે "હું સત્ પણ છું અને અસત્ પણ છું." આ સાંભળી કોઈ જરૂર બોલી ઊઠશે કે આમ કેમ ? જે સત્ છે તે અસત્ કેમ ? અને અસત્ છે તે સત્ કેમ ? પણ મહાવીર કહે છે કે જુઓ, મારા સ્વરૂપમાં હું સત્ છું અને મારાથી વિરુદ્ધ સ્વરૂપમાં અસત્ છું. સરળ ભાષામાં કહેવું હોય તો મહાવીર મહાવીર છે, પણ મહાવીર કાયર નથી.

આ રીતે જ બુદ્ધે કહેલ છે કે હું ક્રિયાવાદી પણ છું અને અક્રિયાવાદી પણ છું. આ સાંભળીને ભડકવાની જરૂર નથી. આ અંગે બુદ્ધે પોતે જ ખુલાસો કરેલ છે કે કુશળ કર્મ કરવાની મારી સૌને પ્રેરણા છે, માટે હું ક્રિયાવાદી છું, અને અકુશળ કર્મ એટલે પાપકર્મ કરવાની મારી ચોકૂખી ના છે, માટે હું અક્રિયાવાદી છું. આમ પરસ્પરવિરુદ્ધ કે ભિન્ન વિચારોને જુદી જુદી દષ્ટિએ તપાસતાં તેમાં જે સત્ય છે તે બરાબર સમજી શકાય એમ છે.

જેવી રીતે અર્થપ્રાપ્તિ માટે વિવિધ સાધનાઓ છે, વિવિધ પ્રવૃત્તિઓ છે તે ભલે તદ્દન ભિન્ન ભિન્ન હોય વા એકબીજી સામસામા છેડાની હોય, પણ તે બધી પ્રવૃત્તિઓનો ઉદ્દેશ એક 'ધન' હોય છે; જુદી જુદી એ પ્રવૃત્તિઓ ધનના ઉપાર્જનમાં અસાધારણ કારણ હોય છે. કોઈ એમ તો નહીં જ કહી શકે કે ધનને પેદા કરવા માટે આ એક જ સાચી પ્રક્રિયા કે સાધના છે, અને એ સિવાયની બીજી પ્રક્રિયા કે સાધના ખોટી જ છે. આ હકીકતનો કોઈ પણ ઇન્કાર નહીં કરે.

એ જ રીતે ચિત્તશુદ્ધિની સાધના માટે પણ વિવિધ પ્રક્રિયાઓ હોઈ શકે છે, નિર્વાણ મેળવવા માટે કે મુક્ત થવા માટે વળી ભિન્ન ભિન્ન સાધના કે પ્રક્રિયાઓ હોઈ શકે છે. આ માટે જ ઉપર જણાવેલ છે કે ગમે તે રીતે સમભાવ પ્રાપ્ત કરો એટલે અવશ્ય નિર્વાણનો અનુભવ થશે, અને ગમે તે પુરુષ હોય તે જો વીતરાગી હોય તો જરૂર વંદનીય છે. આમાં સમભાવની પ્રાપ્તિ માટે કોઈ એક જ પ્રક્રિયા કે સાધનાની વાતનો નિર્દેશ નથી. તેમ વંદનીયતા માટે કોઈ એક જ વ્યક્તિનો નિર્દેશ નથી પણ ગુણનો નિર્દેશ છે. આ વિચાર માટે દરેક દાર્શનિક કે ધાર્મિક વિચારક બરાબર સંમત થઈ શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ છે.

કોઈ પણ ધર્મમત વા દર્શન, નિર્વાણનો લાભ મેળવવા સારું ક્યારે કે કદી પણ એમ તો કહેતો નથી કે તે માટે રાગદ્વેષને વધારો, કપટ, લોભ કે ક્રોધને ઉત્તેજિત કરો, વિષયવિલાસોમાં સતત મગ્ન રહો, જૂઠું બોલો કે પરિગ્રહી તથા હિંસક બનો.

આ ઉપરથી એમ તો સ્પષ્ટ જણાય છે કે નિર્વાણના લાભ માટે જે જે બાધક અને નિષેધાત્મક બાજુ છે તેમાં તમામ મત, ધર્મ કે દર્શન એકમત છે. એટલે એમાં તો વિવાદને સ્થાન નથી. હવે એક સાધ્યરૂપ નિર્વાણના લાભ માટે દરેક દર્શન, મત કે ધર્મના પ્રકાશકે જુદી જુદી વિચારધારા બતાવીને તેને અનુકૂળ જુદી જુદી સાધના કે કર્મકાંડ બતાવેલાં છે. પણ રાગદ્વેષરહિત થવાની વાતમાં કોઈનો લેશમાત્ર વિવાદ નથી. જે જુદાઈ છે તે અધિકારીઓની જુદી જુદી ભૂમિકાને લક્ષ્યમાં રાખીને અથવા દેશ વા કાળની પરિસ્થિતિ અને મનુષ્યોની શક્તિ તથા રુચિને લક્ષ્યમાં રાખીને માત્ર વચગાળાની પ્રક્રિયાઓ જુદી જુદી બતાવવામાં આવેલ છે તેમાં છે. એથી કોઈએ લેશમાત્ર ભડકવાનું નથી. જે પ્રક્રિયા વારસાગત મળેલ છે તેને બરાબર યથાર્થ રીતે વિવેકપૂર્વક અનુસરવાની છે, પણ એ અંગે કોઈ વિવાદ કરવાની જરૂર નથી.

જૈન ધર્મે અહિંસાને તથા સ્યાદ્વાદના સિદ્ધાંતને સાધનાનું પ્રધાન અંગ માનેલ છે, અને સાથે સાથે સત્સંગ, ઇન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, જપ, તપ વગેરે વિવિધ અનુષ્ઠાનોને એ સાધનાના પોષક રૂપે નિરૂપેલાં છે. બૌદ્ધ ધર્મે મધ્યમ માર્ગને કેન્દ્રમાં રાખી 'દશ્યમાન બધું જ ક્ષણિક છે' એવી ભાવનાને કેળવવાની ભલામણ કરેલ છે. આ ભાવના કેળવવાથી રાગદ્વેષ વગેરે દૂષણો વધવાનો સંભવ નથી, અને જે બીજરૂપે તે દૂષણો રહેલાં છે તેમનો પણ નાશ જ થાય એવી પરિસ્થિતિ ઉક્ત ભાવનાને કેળવવાથી નિર્મિત થાય છે. આ સાથે અહિંસા વગેરેનું આચરણ, ઇન્દ્રિયનિગ્રહ, સત્સંગ, જપ, તપ, પ્રાર્થના વગેરે કર્મકાંડો બતાવેલાં છે. એમાં ધ્યાન અંગે વિશેષ ભાર અપાયેલ છે. આ રીતે આ બન્ને દર્શનોએ નિર્વાણમાર્ગની પ્રાપ્તિની દિશા બતાવેલ છે. હવે વિચાર કરો કે આમાં વાદ-વિવાદ, ખંડનમંડન કે દંતકલહને સ્થાન જ ક્યાં છે ?

આપણે જાણીએ છીએ કે વર્તમાનકાળમાં વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક પંડિતોએ ભૌતિક સિદ્ધિઓ મેળવવા સારુ અનેક પ્રયોગો કરીને અનેક જાતના જુદા જુદા નિર્ણયો તારવેલા છે. તેમાંના જે નિર્ણયોને તમામ વૈજ્ઞાનિકોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા તેમની સમિતિએ સ્વીકારેલા છે તેમને સર્વસંમત માનવામાં આવે છે અને જે નિર્ણયો વિવાદાસ્પદ હોય છે તે અંગે પ્રયોગો કરી કરીને ચકાસણી કરવામાં આવે છે. તેમાં કોઈ વૈજ્ઞાનિક એ માટે શાસ્ત્રાર્થ કરવાનું પણ ધારતો નથી. એ તો એમ જ સમજે છે કે પ્રયોગો કરવાથી તથા એ અંગે વધુ ચિંતન-મનન, સંશોધન કરવાથી જે હકીકત નિશ્ચિત થાય તે સર્વસામાન્ય થાય અને સર્વગ્રાહ્ય પણ થાય. આમ હોવાથી બધા જ વૈજ્ઞાનિકો પોતપોતાની શોધો અને તે બાબતના વિચારોનું પરસ્પર આદાનપ્રદાન કરતા રહે છે, પણ કોઈ સ્થળે વૈજ્ઞાનિકો વચ્ચે દંતકલહ થયો જાણ્યો, સાંભળ્યો કે જોયો નથી.

આપણા દેશમાં પણ ઘણા પ્રાચીન કાળથી ચિંતન-મનન થતું આવેલ છે. સંસારપ્રવાહમાં તણાતાં પ્રાણીઓની દુઃખમય સ્થિતિ જોઈ જેમના ચિત્તમાં કરુણાનાં પૂર ઊમટ્યાં તેવા વીર પુરુષોએ આ પ્રત્યક્ષ દુઃખમય સ્થિતિને કેમ ટાળી શકાય, એ અંગેની શોધ માટે પોતાનાં ભૌતિક સુખોની આહુતિ આપી. ચિંતન-મનન નિદિધ્યાસન સાથે પોતાના જ દેહ ઉપર, મન ઉપર, વૃત્તિઓ ઉપર અને ઇંદ્રિયો ઉપર અનેક અખતરા કર્યા, ઘોર દેહદમન કર્યાં, ધ્યાન કર્યાં, જપ, તપ, સ્વાધ્યાય વગેરે પણ કર્યાં. એ બધું કર્યા પછી એમને જે જે અનુભવો થયા અને એ દ્વારા એમને જે જાતના નિર્ણયો લાધ્યા તે સંસાર સામે રજૂ કર્યા. આ અંગે શ્રીકૃષ્ણ, કપિલમુનિ, ગૌતમમુનિ, કણાદમુનિ તથા વર્ધમાન મહાવીર અને સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ એ બધાએ વિવિધ સાધનાઓ દ્વારા જે જે નિર્ણયો તારવ્યા અને તેમને પોતે કરેલા પ્રયોગો દ્વારા જે જે અનુભવો થયા તે બધા જ જગત સમક્ષ મૂક્યા અને તે સૌએ ઘોષણા કરી કે આ દુઃખમય પરિસ્થિતિમાંથી બચવાની ઇચ્છા હોય તો અમે જે જે પ્રયોગો બતાવ્યા છે અને જે જે અનુભવા તારવ્યા છે તે પ્રયોગો તમે પણ કરો, અને સ્થિર શાંત પરિસ્થિતિમાં પૂર્વગ્રહોનો ત્યાગ કરીને એ પ્રયોગોમાં નવી નવી શોધનું ઉમેરણ કરી સાધ્યસિદ્ધિ માટે વધારે સરળ માર્ગનું શોધન કરો. એ દ્વારા તેમણે સંસારને વધારેમાં વધારે સરળ માર્ગની ભેટ કરી.

પ્રસ્તુતમાં શ્રીકૃષ્ણ વગેરે વીર પુરુષોની શોધો અને અનુભવો અંગે વિશેષ કહેવાનો આ પ્રસંગ નથી. આ પરિષદ જૈન અને બૌદ્ધ વિચાર પૂરતી ગોઠવાયેલ છે. એટલે તે બે દર્શનના શોધકોના વિચારોને જ ઉપર જણાવેલા છે.

હવે આપણે વિચારીએ કે આપણે આ બાબત શું કર્યું ? કોઈ નવી શોધો કરી ? કોઈ નવા પ્રયોગો કરી નવા નિર્ણયો કે અનુભવો તારવ્યા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સવાલોના જવાબો મેળવવા ભૂતકાળના ઈતિહાસને અહીં થોડો ઉખેળવો પડે તેમ છે.

મહાવીર અને બુદ્ધ એ બન્ને ચીલા-ચાલુ પુરુષો નહોતા, પરંતુ સ્વતંત્રપણે વિચારક હતા. પરાપૂર્વથી જે ધર્મપ્રવાહ ચાલ્યો આવતો હતો તેમાં તે બન્નેએ વિશેષ પરિવર્તન આણ્યું હતું અને તેમના જમાનાની જે અનિષ્ટ રૂઢિઓ હતી તેમનો તે બન્નેએ સખત સામનો કરી, પ્રજાને નવી દિશાએ ચાલવાની પ્રેરણા આપવા સારુ, તેમણે બન્નેએ પોતપોતના સુવાંગ પ્રયોગો આરંભ્યા હતા. તેમાં તેઓ પાર ઊતર્યા એટલે તે પ્રયોગોને તેમણે લોકો સામે મૂક્યા, અને જે રીતે તેમણે એ પ્રયોગો આચરેલા તે રીત લોકોને સમજાવી, અને તે પ્રમાણે વર્તવાની પ્રેરણા આપી. તે સમયના હજારો, લાખો લોકોએ એમની સૂચનાને માન્ય કરી એ પ્રયોગો પ્રમાણે જીવન ઘડવું શરૂ કરેલું, અને તેમાં ઘણા લોકો ઠીક ઠીક સફળ થયા અને પ્રજામાં તે પ્રયોગો આદર પામ્યા.

હવે ખરી વાત તો એ છે કે તે પ્રયોગો પ્રમાણે જીવન ઘડવું અને તેમ કરીને વળી એમાં કાંઈ નવી શોધો કરી તેમાં વિશેષ સુગમતા લાવી એ પ્રયોગોને આગળ ચલાવવાના હતા. પણ તેમના જમાના પછીના જમાનામાં તેમ ન બન્યું અને પ્રજા તેમના તરફ અહોભાવની નજરે જોવા લાગી અને પોતાને આવા ઉત્તમ કોટિના પ્રેરકો મળ્યા જાણી અત્યંત પ્રભાવિત થઈને માત્ર તે બન્નેનાં ગુણગાન, પૂજા અને મહિમા કરવા લાગી. આ રીતે લગભગ પ્રજાનો મોટો ભાગ ભક્તિના પ્રવાહમાં તણાયો, એ બન્ને મહાપુરુષોએ જે નવા નવા અનુભવો કરી તે પ્રયોગોની શોધ ચલાવી આગળ વધારેલી અને તે રીતે પ્રજાનું જીવન ઘડવા અને તદનુસાર વર્તન કરવા પ્રયોગો બતાવેલા તે પ્રયોગો માત્ર સ્થાને સ્થાને પૂજાવા જ લાગ્યા અને તે તે બન્ને મહાપુરુષોનો જ મહિમા, પરોપકારીપણું, અસાધારણ ત્યાગ વગેરેના ગુણો ગવાવા લાગ્યા.

આમ થવું સ્વાભાવિક હતું. પણ આમ કરવા સાથે તે બન્ને મહાત્માઓની જીવનસરણીને અનુસરવાનું બળ મેળવવાનું હતું. પણ તે પ્રધાનપ્રવૃત્તિ ઢીલમાં પડી અને તે તે પુરુષોના અનુયાયી વિદ્વાન લોકોએ તે પ્રયોગોને શબ્દમાં ઉતારી તેમનાં જુદાં જુદાં શાસ્ત્રો રચ્યાં. આ પણ જરૂરી હતું, પણ ભક્તિના અસાધારણ આવેશમાં એ શાસ્ત્રોને માનનારાઓએ એ શાસ્ત્રોને માટે એવી મહોર મારી કે એ પ્રયોગોમાં હવે કાંઈ ઉમેરવા જેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, તેમ તેમાં કાંઈ નવું પરિવર્તન કરવાની જરૂર નથી; જે છે તે તદ્દન સંપૂર્ણ છે.

આ પહેલાં જીવનશુદ્ધિના સાધક પ્રાચીનતમ પ્રયોગ કરનારાઓનાં પણ જુદાં જુદાં શાસ્ત્રો રચાઈ ગયાં હતાં અને તે જુદા જુદા શાસ્ત્રકર્તાઓએ પણ પોતપોતાનાં શાસ્ત્રો અંગે પૂર્ણતાની મહોર મારી હતી અને એ બાબત તેઓ પરસ્પર વાદવિવાદે પણ ચડ્યા હતા. 'મમ સત્યમ્' એ ન્યાયે તેઓ એકબીજા વચનયુદ્ધ તરફ પણ વળ્યા હતા. સાંખ્યશાસ્ત્ર (કપિલમુનિ), ન્યાયદર્શન (ગૌતમમુનિ) અને વૈશેષિકશાસ્ત્ર (કણાદમુનિ) આ ત્રણે પ્રયોગાત્મક શાસ્ત્રો હતાં; તેમાં તેમના પ્રણેતાના પોતપોતાના જુદા જુદા અનુભવો હતા અને તેમણે જે રીતે સાધના કરી જીવન ઘડેલું તેનું વિવેચન હતું. પણ તેમના જુદા જુદા અનુયાયીઓએ પ્રયોગાત્મક શાસ્ત્રો ઉપર સિદ્ધરૂપતા વા પૂર્ણરૂપતાની મહોર મારી એકબીજાનાં ખંડનમંડન તરફ વળ્યા હતા. એકબીજાના વિચારોને સમજવા, તેની પરસ્પર તુલના કરવી અને તે તે શાસ્ત્રોનો પ્રધાન ઉદ્દેશ સમજી તદનુસાર જીવન ઘડવું એ પ્રવૃત્તિ મંદ પડી ગઈ હતી અને જુદા જુદા બુદ્ધિના અખાડાઓમાં એ પંડિતો મલ્લોની પેઠે બુદ્ધિના યુદ્ધે ચડ્યા હતા. તે જ સ્થિતિ ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના અનુયાયીઓની પણ થઈ. એમણે પોતપોતાના શ્રદ્ધેય, માનનીય, પૂજનીય તરફ કૃતજ્ઞતાભાવ વિકસાવવા એ જ રાહે ચડવાનું મુનાસબ માન્યું, અને જોકે, જીવન ઘડવા માટે એ પ્રયોગોનું અનુસરણ પણ ચાલુ રાખ્યું, છતાં એ અનુસરણમાં મોટો ભાગ આ વાણીયુદ્ધનો જ રહ્યો અને મોટાં મોટાં મંદિરો, ભારે ભારે ઉત્સવો, અને પોતાની વૃત્તિને પોષે એવા ઠાઠમાઠો તથા કેટલે અંશે દેહદમન વગેરે ચાલુ રહ્યાં. આ રીત પછી તો એટલી બધી વધી ગઈ કે એ પ્રયોગોમાંનો મૂળ પ્રાણ નીકળી ગયા જેવું થઈ ગયું અને માત્ર કૃતજ્ઞતાસૂચક પ્રવૃત્તિઓ જ વધતી ચાલી તથા એ બધા જૂના અને નવા પ્રયોગોનાં શાસ્ત્રો એકબીજા તરફ વિરોધભાવ ધારણ કરવા સુધી પહોંચી ગયા. આ સ્થિતિ મધ્યયુગમાં વિશેષ વિકસી અને એ માટે અનેક નવા નવા તર્કપ્રધાન ગ્રંથોનું પણ નિર્માણ થયું. તેમાં એટલે સુધી ભક્તિભાવ વધ્યો કે અમુક શાસ્ત્ર માને તે જ આસ્તિક અને ધાર્મિક અને બીજા શાસ્ત્રને માનનાર નાસ્તિક અને અધાર્મિક વા અજ્ઞાની વા મિથ્યાદૃષ્ટિ.

એ મધ્યયુગની અસર આપણા વર્તમાનકાળમાં પૂરેપૂરી જામી ગઈ છે; જો કે હવે જાહેર રીતે તો બુદ્ધિના અખાડા કેટલેક અંશે બંધ થયા છે, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકબીજાના શાસ્ત્ર તરફ નફરત ઓછી થઈ જણાતી નથી. તમે જોશો કે બ્રાહ્મણપરંપરાના અનુયાયીઓમાં ભાગ્યે જ એવા પંડિતો મળશે, જેઓ જૈન અને બૌદ્ધ વિચારોની પૂરી સમજ ધરાવતા હોય; તેમ આ બાજુ જૈન અને બૌદ્ધ પરંપરાના અનુયાયીઓમાંના ભાગ્યે જ એવા પંડિતો મળશે કે જેઓ બ્રાહ્મણ પરંપરાના ગીતા અથવા ઉપનિષદ્ જેવા ગ્રંથોમાં જે વિચારો દર્શાવેલા છે તેમને બરાબર સમજે, વિચારે અને તેમનું તોલન કરે.

આ વાણીયુદ્ધનું બીજું અનિષ્ટ પરિણામ એ આવ્યું છે કે એ પ્રયોગાત્મક શાસ્ત્રને માનનારાઓમાં પણ ફાટફૂટ પડી ગઈ અને તેમાંથી જુદા જુદા પંથો-સંપ્રદાયો-સંકીર્ણ મતો ઊભા થયા. જે જે હકીકત પ્રયોગરૂપે હોય તેને અનુસરતાં તેમાં ક્રિયાભેદ વા વિચારભેદ જરૂર થાય, અને એમ બનવું એ તો પ્રયોગાત્મક પ્રવૃત્તિનો પ્રાણ છે. પણ આ જુદા જુદા પંથો અને સંપ્રદાયોમાં એમ ન થતાં પરસ્પર વિરોધ વધારે વધતો ચાલ્યો અને તે તત્ત્વવિચારમાં વા તેના અનુષ્ઠાનની ચર્ચામાં ગાળાગાળી સુધી પહોંચી ગયો.

આ રીતમાં જૈન ગ્રંથકારો પણ જરાય પાછળ રહ્યા નથી. અહિંસાને સંપૂર્ણપણે માનનારા અને અનેકાંતવાદના સિદ્ધાંતને પણ પૂરેપૂરું માન આપનારા પણ આ શાસ્ત્રકારો તત્ત્વવિચાર અને કર્મકાંડની ચર્ચામાં ન તો અહિંસાને જાળવી શક્યા છે, ન તો અનેકાંતવાદ તરફનો પોતાનો આદર ટકાવી શક્યા છે.

જેવું આ કથન જૈન શાસ્ત્રકારોને લાગુ પડે છે તેવું બૌદ્ધ શાસ્ત્રકારોને પણ લાગુ પડે છે. હવે તો વિજ્ઞાનનો યુગ આવેલ છે અને ગાંધીયુગ પણ આપણે નજરોનજર જોયો છે. એટલે તે બંનેની અસર પ્રજા ઉપર છે. એટલે જ વર્તમાન યુવાન પેઢી ગડમથલમાં પડી છે. તે ધર્મવિમુખ નથી, પણ કયો પ્રયોગ કરવો તેની મૂંઝવણમાં છે. આવે ટાંકણે જો ધર્મધુરંધરો મધ્યયુગ જેવી સ્થિતિને જ પ્રધાનસ્થાન આપવામાંથી નવરા નહીં થાય, તો જરૂર આ પેઢીને ધર્મવિમુખ બનાવવાની જવાબદારીના ભાગીદાર બનશે એમાં શક નથી.

પ્રાચીન સમયમાં વૈદિક, જૈન અને બૌદ્ધ ત્રણ પ્રયોગાત્મક વિચારધારાઓ આપણી સામે હતી, પણ હવે તો તેમાં બીજી બીજી પ્રયોગાત્મક વિચારધારાઓનો પણ સમાવેશ થયેલ છે : જરથોસ્તી ધર્મની પ્રાચીન પરંપરા, ખ્રિસ્તી ધર્મની પરંપરા અને ઇસ્લામી ધર્મની પરંપરા. આ વિચારધારાઓની પણ ઉપેક્ષા કરવી પોષાય તેમ નથી એ હકીકત અંગે પણ આપનું ધ્યાન ખેંચું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમગ્ર લખાણનો સાર આ છે કે જે જે શાસ્ત્ર વર્તમાનમાં પ્રચલિત છે તે બધાં જ પ્રયોગરૂપ છે, અને તે પ્રયોગને બરાબર અમલમાં મૂકવામાં આવે એટલે અંદરથી અને બહારથી બરાબર એ પ્રયોગોને જે કોઈ અનુસરશે તે જરૂર આ વિષમ કાળમાં પણ નિઃશ્રેયસ મેળવશે-જરૂર સિદ્ધ થઈ જશે.

આચાર્ય સિદ્ધસેન દિવાકરે મોટી ઘોષણા સાથે જણાવેલ છે કે : "જેને જેને મિથ્યા દર્શનો કહેવામાં આવે છે તે બધાં જ જ્યારે ભેગાં થાય ત્યારે જૈન દર્શન બને છે, જિનવચન બને છે." વર્તમાન યુગના જૈનસંઘના જે જે સંપ્રદાયો છે તે બધા જ જ્યારે ભેગા થાય ત્યારે પૂરો જૈન ધર્મ બને છે એ વાત સમજવામાં આવશે ત્યારે જ જૈનસંઘનું અને અન્ય સંઘોનું પણ કલ્યાણ થશે એમ મારો અંગત અભિપ્રાય છે.

— પ્રબુદ્ધ જીવન - ૧૯૬૭

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org